જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૧૦/૨૦૧૮ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૭૮/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૧૨૩ લીટર દેશી દારૂ, ૩૫૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૬ બિયર ટીન, ૦૧ સ્કુટર અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૦૯ વ્યક્તિઓની અટક કરી રોકડ રૂપિયા ૩૨૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૭૯/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૨૦૮૦/૧૮

**સોલા હાઇકોર્ટ** : નીશાબહેન રાકેશભાઇ બ્રહ્મભટ્ટ (રહે,સ્ટર્લીંગ પાર્ક સોસાયટી સ્ટર્લીંગ હોસ્પીટલ સામે મેમનગર) એ તા.૨૩/૧૦/૧૮ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૮/૨૦૧૮ સાંજના ૫/૦૦ થી તા.૨૩/૧૦/૨૦૧૮ સાંજના ૪/૩૦ વાગ્યા દરમ્યાન સફલ પી.જી હોસ્ટેલ શીવધારા એપાર્ટમેન્ટ થલતેજ ખાતે નીશાબહેન ને વિશ્વાસમાં લઇ આરોપી હર્ષદ લાલાભાઇ પ્રજાપતિ (રહે.ગામઃ માલવણ કડાણા પંચમહાલ)એ નીશાબહેન પાસેથી રોકડ રૂપિયા ૨૩,૦૦૦/- તથા તેના પપ્પા સાથે વાત કરવા માટે આપેલ મોબાઇલ ફોન લઇને જતા રહી, આજદીન સુધી રોકડ કે મોબાઇલ પરત નહી કરી, નીશાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.યુ.પાડવી ચલાવે છે.

## ઘરફોડ ચોરીઃ- સમાચાર યાદી નં.૨૦૮૧/૧૮

**સરદારનગર** : રમણભાઇ ધીરાજી બારા (રહે. નિકીતાપાર્ક ટેનામેન્ટ પ્રાર્થના સ્કુલની સામે નોબલનગર સરદારનગર) એ તા.૨૩/૧૦/૧૮ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૨/૨૦૧૮ બપોરના ૧૨/૦૦ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના મકાનના દરવાજાનું લોક ખોલી, અજાણી વ્યક્તિ મકાનમા પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી કુલ રૂપિયા ૪૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

**એરપોર્ટ**: રવિભાઇ ગોવિંદભાઇ લાલવાણી (રહે.સાંઇબાબા મંદિર પાછળ સરદારનગર)એ તા.૨૩/૧૦/૧૮ નારોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૪/૨૦૧૮ થી તા.૨૦/૧૦/૧૮ દરમ્યાન પોતાના બંધ મકાનમા સીડી વાટે બીજા માળે ચઢી મેઇન દરવાજાનો નકુચો ખોલી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, લાકડાની તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૬૪,૦૦૦/- મતાના ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એસ.ચંપાવત ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૮૨/૧૮**

**નરોડા** : રાજેશભાઇ બાબુભાઇ પટેલ (રહે.યોગેશ્વર પાર્ક, જીવન ટ્રીન સોસાયટીની બાજુમા નિકોલ ગામ રોડ નિકોલ) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૧૦/૧૮ સાંજના ૭/૦૦ થી ૭/૧૫ વાગ્યા દરમ્યાન રાજચંદ્ર સોસાયટી પાસે આવેલ મધુવન પાન પાર્લરની સામે રોડ પર એક પુરૂષ (૨૦ થી ૨૨ વર્ષના આશરાનો) રાજેશભાઇને ઇશારથી જણાવેલ કે “તમારી ગાડી આગળ બોનેટ પર ઓઇલ ઢોળાયેલ છે” તેમ કહેતા રાજેશભાઇ ગાડીમાંથી ઉતરી બોનેટ પર ઢોળાયેલ ઓઇલ જોવા સારૂ જતા, કોઇ અજાણી વ્યક્તિ ગાડીમાં મુકેલ ગ્રીન કલરની બેગ કે જેમા બે એચ.પી.કંપની ના લેપટોપ, એક ચાર્જર, એક માઉસ, ડેબીટ કાર્ડ તથા ક્રેડીટ કાર્ડ કુલ કિંમત રૂપિયા ૬૫,૦૦૦/- મુકેલ બેગની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.વી.સોલંકી ચલાવે છે.

**જી.આઇ.ડી.સી.વટવા** : વસંતભાઇ મણીલાલ પટેલ (રહે.રાજપથ બંગ્લોઝ સ્મૃતિ મંદિર નિગમ સોસાયટી ઘોડાસર) એ તા.૨૩/૧૦/૧૮ નારોજ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૯/૨૦૧૮ સાંજના ૬/૦૦ થી તા.૦૫/૦૯/૨૦૧૮ સવારના ૯/૦૦ દરમ્યાન કોઇપણ સમયે જીઆઇડીસી વટવા ફેઝ-૪ પ્લોટ નં ૫૩૦૨ માં આવેલ ઉત્તમ ઇંડસ્ટ્રીઝના ખુલ્લા કમ્પાઉંડમાં કાચા શેડની નીચે મુકેલ કુલ ૨૦૦ મીટર કોપર કેબલ વાયરો કુલ કિંમત રૂપિયા ૩૭,૬૦૦/- મતાના અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.વાઘેલા ચલાવે છે.

**પહેલા માળેથી પડી જતાં મૃત્યુ :** **સમાચાર યાદી નં.૨૦૮૩/૧૮**

**ગાયકવાડ હવેલી** : ઝુબેદાબીબી W/O સિદીકભાઇ અજમેરવાલા (ઉ.વ.૬૦)(રહે.નાડીયાવાડ નગીના મસ્જીદ સામે બંગ્લા માર્કેટ સામે જમાલપુર) એ તા.૨૨/૧૦/૨૦૧૮ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પહેલા માળે ગેલેરીમાં કપડા સુકવવા જતા હતા દરમ્યાન ગેલેરી અક્સ્માતે તુટી જતા, ઝુબેદાબીબી જમીન ઉપર પડી જતા, શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને વા.સા. હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૨૩/૧૦/૨૦૧૮ બપોરના ૧૨/૦૦ તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજુભાઇ શંકરભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.